# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "મન કી બાત" કાર્યક્રમમાં આસામના ચરાઈદેવ મૈદામનો યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળમાં સામેલ થવાની વાતને ગૌરવની ક્ષણ ગણાવી.
- ✓ પ્રધાનમંત્રીએ "એક પેડ માં કે નામ" અને "હર ઘર તિરંગા" અભિયાનમાં જોડાવવા દેશવાસીઓને આહ્વાન કર્યું..
- ✓ ભાજપની "મુખ્યમંત્રી પરિષદ" બેઠકમાં પ્રધાનમંત્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસથી વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો..
- ✓ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં આગામી પાંચ દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી..
- ✓ પેરિસ ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીતી ભારતીય શૂટીંગ ખેલાડી મનુ ભાકરે ઇતિહાસ રચ્યો..

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN-KI-BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના ચરાઈદેવ મૈદામનો યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળમાં સામેલ થવાની વાતને ગૌરવની ક્ષણ ગણાવી છે. આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, આ સ્થળોની યાદીમાં ભારતનું આ 43મું સ્થળ હશે અને આ ઉત્તર-પૂર્વનું પહેલું સાંસ્કૃતિક વૈશ્વિક ધરોહર સ્થળ હશે. પ્રધાનમંત્રીએ કહ્યું, મૈદામ એ અહોમ સામ્રાજ્યના દિવંગત રાજાઓ અને પ્રતિષ્ઠિત લોકો પ્રત્યે શ્રદ્ધાનું પ્રતીક છે.

પ્રધાનમંત્રીએ ઑલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા સૌને અનુરોધ કર્યો હતો.

શ્રી મોદીએ કહ્યું, ખાદી ગ્રામોદ્યોગનો વેપાર પહેલી વાર દોઢ લાખ કરોડ રૂપિયાને આંબી ગયો છે, જે ચાર સો ટકાની વૃદ્ધિ છે.

**(બાઇટ- પીએમ મોદી- ખાદી ઉદ્યોગ)**

શ્રી મોદીએ કહ્યું કે, "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ ઈન્દોરમાં એક જ દિવસમાં 2 લાખથી વધુ છોડ વાવવામાં આવ્યા હતા. તેમણે લોકોને પોતાની માતાના નામે વૃક્ષ વાવવાના આ અભિયાનમાં જોડાવા અને સેલ્ફી લેવા અને તેને સામાજિક માધ્યમ પર પોસ્ટ કરવા આહ્વાન કર્યું હતું.

**(બાઇટ- પીએમ મોદી- ઇન્દોર સ્વચ્છતા)**

શ્રી મોદીએ મહાન અહોમ યોદ્ધા લાચિત બોરફૂકનની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાત લેવા સૌને આગ્રહ કર્યો.

પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત 'harghartiranga.com' પર તિરંગાની સાથે સેલ્ફી અપલૉડ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી મોદીએ **"પરી એટલે કે, પબ્લિક આર્ટ ઑફ ઇન્ડિયા"** પ્રૉજેક્ટની વાત કરતાં કહ્યું કે, આ પ્રૉજેક્ટ જાહેર કળાને લોકપ્રિય બનાવવા માટે ઉભરતા કલાકારોને એક મંચ પર લાવવાનું મોટું માધ્યમ બની રહ્યો છે.

હાથવણાટ ઉદ્યોગની વાત કરતા શ્રી મોદીએ ઉન્નતિ સ્વયં સહાયતા સમૂહમાં સામેલ થવા અને કપડાં પર રંગોનો જાદુ પાથરવા માટે હરિયાણાના રોહતક જિલ્લાની 250થી વધુ મહિલાઓની સરાહના કરી હતી. દેશમાં આઠમી ઑગસ્ટે રાષ્ટ્રીય હાથ વણાટ દિવસ ઉજવવામાં આવશે.

શ્રી મોદીએ કહ્યું, અનેક ખાનગી કંપનીઓ પણ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તાના માધ્યમથી હાથવણાટના ઉત્પાદનોને પ્રોત્સાહન આપી રહી છે. તેમણે લોકોના પોતાની સ્થાનિક વસ્તુઓને "માય પ્રૉડક્ટ માય પ્રાઈડ હેશટેગ"ની સાથે સામાજિક માધ્યમ પર અપલોડ કરવાનો આગ્રહ કર્યો.

માદક પદાર્થની સમસ્યાના પડકારનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, સરકારે તાજેતરમાં જ માનસની હેલ્પલાઈન અને પૉર્ટલ લૉન્ચ કર્યું હતું અને તેનો ટૉલ ફ્રી નંબર 1933 જાહેર કર્યો છે.

પ્રધાનમંત્રીએ આગામી સમયમાં આવનારા પર્વ અંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી..

## REV.-EVE-PM-BJP-CM-MEET

નવી દિલ્હી ખાતે ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓ માટે યોજાયેલી “મુખ્યમંત્રી પરિષદ” બેઠક આજે પૂર્ણ થઈ છે. બેઠકના વિદાય સમારોહને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારો જનકલ્યાણના સંકલિત પ્રયાસ તરફ મજબૂતીથી કામ કરશે ત્યારે વિકસિત રાષ્ટ્રનું લક્ષ્ય ચોક્કસપણે પ્રાપ્ત થશે.

ભાજપના ગુડ ગવર્નન્સ સેલના સંયોજક વિનય સહસ્રબુદ્ધેએ કહ્યું કે, પ્રધાનમંત્રીએ કહ્યું છે કે, વિકસિત ભારતની વિભાવનામાં વારસાના વિકાસની સાથે વારસાના નિર્માણનું વિશેષ મહત્વ છે. આપણે બધાએ આ પાસાને હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપરાંત ભાજપશાસિત રાજ્યના 13 મુખ્યમંત્રી અને 15 નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના સુશાસનના એજન્ડા હેઠળ સમયાંતરે આવી બેઠકો યોજવામાં આવી હતી અને આ વર્ષની આ બીજી બેઠક હતી.

## IMD-MONSOON

ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના વિવિધ સ્થળ પર ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે કહ્યું કે, મધ્યપ્રદેશ, વિદર્ભ અને છત્તીસગઢ, કેરળ, માહે અને કર્ણાટકના કાંઠામાં અનેક સ્થળ પર આજે ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગે હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં આગામી પાંચ દિવસ ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગીટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં પણ આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા છે. જ્યારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં આગામી ચાર દિવસ વિજળીના ચમકારા સાથે સામાન્યથી મધ્યમ વરસાદની સંભાવના દર્શાવી છે.

## REV.-OLYMPIC-MANU-BHAKER-BRONZE

પેરિસ ઓલિમ્પિકના બીજા દિવસે ભારતીય મહિલા શૂટિંગ ખેલાડી મનુ ભાકરે મહિલાઓની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતી ઇતિહાસ રચ્યો છે. મનુ ભાકર શૂટિંગમાં ભારતને ચંદ્રક અપાવનારાં તેઓ પહેલાં મહિલા ખેલાડી બન્યાં છે. તેમણે 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં 221.7 પૉઈન્ટની સાથે શૂટિંગમાં ભારતને 12 વર્ષ બાદ ચંદ્રક અપાવ્યો છે. આ પહેલા રમિતા જિંદલે મહિલાઓની 10 મીટર એર રાઈફલ્સની ફાઈનલમાં જગ્યા બનાવી હતી..

(બાઇટ- મનુ ભાકર)

મહિલા તિરંદાજીમાં દિપીકા કુમારી, અંકિતા ભકત અને ભજન કૌરની ત્રિપુટી આજે ક્વાર્ટર ફાઈનલ રમશે. બેડમિન્ટનમાં 2 વખતનાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતા પી.વી. સિંધુએ ફાતિમાથને પહેલા તબક્કામાં 21–9, 21–6થી હરાવ્યાં છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચંદ્રક જીતવા બદલ મનુ ભાકરને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, મનુ ભાકર પર દેશને ગર્વ છે. તેમની આ જીત અનેક ખેલાડીઓ અને ખાસ કરીને મહિલાઓને પ્રેરણા પૂરી પાડશે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, મનુ ભાકર ઓલિમ્પિકમાં તિરંગો લહેરાવવાની ઇચ્છા ધરાવતી મહિલાઓ માટે પ્રેરણા બન્યાં છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, ભારત માટે આ એક ઐતિહાસિક ચંદ્રક છે. મનુ ભાકરની આ સફળતા ઘણી મહત્વની છે.

## OLYMPCIS SHOOTING RAMITA

પેરિસ ઑલિમ્પિકમાં ભારતીય શૂટર રમિતા જિંદાલ મહિલાઓની 10 મીટર એર રાઈફલ ઇવેન્ટની ફાઈનલમાં પહોંચ્યાં છે. જો કે, રાષ્ટ્રીય શૂટિંગ કેન્દ્રમાં ક્વાલિફાય થવામાં ઈલાવેનિલ વાલવરિન નિષ્ફળ રહ્યાં છે. રમિતા જિંદાલે પાંચમા સ્થાને રહી 631.5 પોઈન્ટનો સ્કોર કર્યો છે. હવે તેઓ આવતીકાલે ફાઈનલ માટે રમશે.

## ARJUN BABUTA PARIS OLYMPICS

પેરિસ ઑલિમ્પિકમાં અર્જૂન બબુતાએ ક્વૉલિફિકેશન રાઉન્ડમાં સાતમા સ્થાને પુરૂષોની 10 મીટર એર રાઈફલની ફાઈનલમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે. શ્રી બબુતાએ 630.1 અંક સ્કોર કર્યો હતો. જ્યારે સંદીપ સિંહ 12મા સ્થાને રહેવા માટે ક્વાલિફાય રહેવામાં નિષ્ફળ રહ્યા હતા.

## DELHI LG STUDENTS DEATH

દિલ્હીના જૂના રાજેન્દ્રનગર વિસ્તારમાં એક તાલીમ સંસ્થામાં વરસાદનું પાણી ભરાઈ જવાના કારણે ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુ નીપજ્યા છે. આ મામલે દિલ્હી પોલીસે તાલીમ સંસ્થાના માલિક અને સંયોજકની ધરપકડ કરી છે. સંસ્થાના ભોંયરામાં ફસાઈ જવાના કારણે ગઈકાલે ત્રણ વિદ્યાર્થીના મોત નીપજ્યા હતા.

નાયબ પોલીસ કમિશનર સેન્ટ્રલ એમ. હર્ષવર્ધને કહ્યું કે, આ ધટનામાં મૃત્યુ પામનારા 2 વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થીના મૃતદેહને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ અંગે કેસ નોંધ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી છે.